

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ધરપત નથી સત્તાથી કે બેઠી છે, અખાત્રીજ !*
*ખૂટતી નથી ખાયકી, ખોળે બેઠી છે અખાત્રીજ*
*મુકાયા છે કુંભ કૌભાંડના, બેઠી છે અખાત્રીજ*
*તંગ છ `પ્રજા મોંઘવારીમાં, બેઠી છે અખાત્રીજ !*

### હાઈકુ

*ઈશ્વર કૃપા*
*મળ્યું છે નેતાઓને*
*અક્ષય પેટ !*

*ભરાતા નથી*
*ભંડાર નેતાઓના*
*અક્ષયપાત્ર !*

### ચિંતન

**એષા વૃતિર્નામ તમો ગુણસ્ય શક્તિર્યયા વસ્ત્વવભાસતેન્યથા ।**
**સૈષા નિદાનં પુરુષસ્ય સંસૃતેર્વિક્ષેપશક્તિ પ્રસરસ્ય હેતુઃ ॥**

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણીમાંથી લેવામાં આવ્યો છે.

જેનાથી વસ્તુ કંઈ હોય ને કંઈ ભાસે છે તે તમોગુણની આવરણ નામની શક્તિ છે તે આ છે તે પુરુષના સંસારનું મૂળ અને વિક્ષેપ શક્તિના પથારાનું-વિસ્તારનું કારણ છે.

વ્યક્તિમાં ત્રણ ગુણ હોય છે. કોઈ સાત્ત્વિક વૃત્તિના હોય છે, જેમાં સાધુ-સંતો-સજ્જનો-વિચારકો, બૌદ્ધિક અને હકારાત્મક વિચારશ્રેણીના હોય છે.

રાજસી વૃત્તિવાળા મોજશોખ અને વિલાસી કૃતિ સાથે આનંદ-પ્રમોદમાં રસ રાખે છે.

તામસી વૃત્તિવાળા ક્રોધી અને ગુનાઈત વૃત્તિવાળા અને વિલાસી-વ્યસની જીવનવાળા હોય છે.

### સુવિચાર

- સારું કામ કરવા માટે ધન કરતાં પણ વધુ સરળ હૃદય અને સંકલ્પની જ જરૂર છે - **ડેવિડ ગેબ્લીન**
- દૃઢ નિશ્ચય જ સાચામાં સાચી અને સારામાં સારી ચતુરાઈ છે. **- નેપોલિયન**
- કોઈપણ વસ્તુનો નિર્ણય કરવાને માટે ત્રણ વસ્તુની જરૂર છે. એક તો અનુભવ, જ્ઞાન અને નિર્ણયને અભિવ્યક્ત કરવાની ક્ષમતા. **- સુકરાત**
- જીવવામાં જ જિંદગી છે, એને હંમેશાં ચોળીને સૂંઘ્યા કરવામાં નહીં **- જીવનપાથેય**
- બુદ્ધિ અને લાગણીનું સંતુલન કરી શકનાર વ્યક્તિ અદ્ભૂત વર્તનનો સ્વામી બની શકે છે. **- ડો. પ્રશાંત ભીમાણી**
- માણસ દોષિત હોય એનો વાંધો નહીં, એ દૂષિત ન હોવો જોઈએ. મનનો મેલો ન હોવો જોઈએ. **- એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : અગથીયાના પાંદડાના રસના ટીપાં નાકમાં નાખવાથી શરદી, શીરઃશૂળમાં તરત રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કેવળ પરમાત્મા જ શક્તિશાળી છે, મનુષ્ય કાયમ દુર્બળ જ રહ્યો છે. તમે દેખાડો કરી શકો છો કે તમે શક્તિશાળી છો, પરંતુ જ્યારે તમારે સામનો કરવાનો આવશે ત્યારે તમે શક્તિવિહીનતાનો અનુભવ કરો છો.

મુલ્લા નસરુદ્દીન પોતાના હાથમાં એક કાગળ લઈ શરાબખાનામાં ગયા અને ત્યાં એમણે ઘોષણા કરી કે આ કાગળમાં એવા કેટલાક નામ છે જેમને હું અહીંયા જાનથી મારી શકું છું. સો જેટલા નામ બોલવાના શરૂ કર્યા. એટલામાં એક શરાબી ઊભો થયો. તે કદ-કાઠીમાં આમ તો નાનો હતો, મુલ્લા તેને મારી શકતા હતા પણ તેની કમરમાં પિસ્તોલ ભરાવી રાખેલી હતી. એ શરાબીએ મુલ્લાને પૂછ્યું, શું મારું નામ પણ છે તમારી યાદીમાં ?

મુલ્લાએ પગથી માથા સુધી પેલા શરાબીની સામે જોયું અને કહ્યું, ‘હા. મહાશય. તમારું નામ પણ મારા લિસ્ટમાં છે.’ પેલા શરાબીએ કહ્યું, ‘તું મને નહીં મારી શકે.’ મુલ્લો બોલ્યા, ‘શું તમને પાકો વિશ્વાસ છે ?’ પેલો શરાબી બોલ્યો, ‘મારો વિશ્વાસ અડગ છે. જરા આ પિસ્તોલ જુઓ.’ મુલ્લા તરત બોલ્યા, ‘તો ઠીક છે, મહાશય. હું આ સૂચિમાંથી તમારું નામ હમણાં જ કાઢી નાખું છું.’

# દીદી અને મોદી વચ્ચે કડવી ટક્કર

**તંત્રીસ્થાનેથી...**

૨૦૧૪ની લોકસભાની ચૂંટણી અને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી વચ્ચે ગંગાયમુનામાં ઘણાં પાણી વહી ગયાં છે. તે વખતે મોદી દેશ માટે આશાનું કિરણ બનીને પ્રગટ્યા હતા. પ્રજાની ઘણી બધી આકાંક્ષાઓને ઉશ્કેરીને મોદી ‘અચ્છે દિન’ લાવવાની ધરપત આપતા હતા. કાળાં નાણાં પરત લાવી દરેક નાગરિકના ખાતામાં પંદર લાખ જમા કરાવવાની હવાઈ વાતોમાં પણ દેશના ભોળા મતદાતાને વિશ્વાસ બેસી ગયો હતો. ૨૦૧૯ આવતાં આવતાં આ બધી વાતો પોકળ સાબિત થઈ. વિકાસને બદલે નોટબંધી, જીએસટી અને કોમી વૈમનસ્ય જેવા મુદ્દાઓ હાવી થઈ ગયા અને દેશભરમાં મોદીની સામે નાનાં-મોટાં તમામ રાજકીય પરિબળોએ એક થઈને મોરચો માંડવાની તૈયારીઓ કરી જેના કેન્દ્રમાં જે બે ત્રણ પ્રમુખ નેતાઓનાં નામ ઊપસતાં રહ્યાં. એમાં બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીનું નામ મોખરે હતું. મમતા બેનરજી એમની સાદગી અને કર્મઠતાને કારણે પશ્ચિમ બંગાળમાં સળંગ ત્રણ ટર્મથી ચૂંટાતાં રહ્યાં છે. એ મૂળે તો કોંગ્રેસી હતાં, નરસિંહરાવ સરકારમાં મંત્રીપદું પણ સંભાળી ચૂક્યાં હતાં. પરંતુ સ્વતંત્ર મિજાજનાં અને સાચાબોલાં હોઈ એ લાંબો વખત દિલ્હીના રાજકારણમાં રહી શક્યાં નહીં. એમણે પોતાની આગવી પાર્ટી બનાવીને પશ્ચિમ બંગાળમાં ત્રીસ વર્ષથી અડિંગો જમાવી બેઠેલી સામ્યવાદી સરકારને ઉખાડી ફેંકી. ત્યારથી મમતાદીદી દેશનાં બેઉ પ્રમુખ ગઠબંધનોની મુખ્ય પાર્ટીઓ માટે એક અસ્કામત જેવાં બની ગયાં હતાં. મમતાદીદીને પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેઈનું ઉદાત્ત વ્યક્તિત્વ પણ અનુકૂળ હતું એમ સોનિયા ગાંધીનાં સખીપણાં પણ મંજૂર હતાં.

રાહુલ ગાંધીએ આ વખતના ચૂંટણીપ્રચારમાં બંગાળનો સામ્યવાદીઓ અને તૃણમૂલ કોંગ્રેસે સરખું જ નુકસાન કર્યું છે એવું વિધાન કર્યું ત્યારે મમતાએ વહાલપૂર્વક પ્રતિાદ કરતાં કહ્યું હતું કે ‘વો અભી બચ્ચા હૈ.’ મોદીએ શરૂઆતની એમની વડાપ્રધાનપદની કારકિર્દી દરમિયાન દીદીનાં વખાણ કરવામાં કોઈ જ કસર નહોતી રાખી. એમણે તો ફૉર્મ્યુલા ઘડી કાઢેલી : રાષ્ટ્રપતિ તરીકે પ્રણવબાબુ છે, અહીં દીદી છે અને વડાપ્રધાનપદે હું હોઉં-પછી પશ્ચિમ બંગાળને ‘સોનાર બાંગ્લા’ બનતાં કેટલી વાર ! પરંતુ એ જ મોદી આજકાલ પશ્ચિમ બંગાળમાં દીદી બાંગ્લાદેશી ઘૂસણખોરોને આશ્રય આપી રહ્યાં હોવાનો આક્ષેપ કરીને તથા શારદા-નારદા કૌભાંડમાં સામેલ હોવાની બુમરાણ મચાવી ગઠબંધનનાં કર્ણધાર ગણાવી નહેરુગાંધી પરિવાર જેટલી જ કટ્ટરતાપૂર્વક દીદીને પણ નેસ્તનાબૂદ કરી દેવા આકાશપાતાળ એક કરી રહ્યા છે. એ માટે એમણે છેલ્લે તો ‘જય શ્રીરામ’ના નારા પણ લગાવ્યા અને દીદીમાં તાકાત હોય તો રામના આ ભક્તને ગિરફતાર કરી બતાવે - જેવું વિધાન કરી પશ્ચિમ બંગાળમાં હિંદુત્વનું મોજું ઉછાળવાનો પ્રયાસ કર્યો. ફની વાવાઝોડા વખતે દીદીએ વડાપ્રધાન સાથે વાત કરવાની ના પાડી દીધી એટલે મોદીએ ઉહાપોહ મચાવી દીધો. પરંતુ દીદીએ ટાઢા કાળજે કહી દીધું કે હું ‘ઍક્સપાઈરી પીઍમ’ સાથે મંચ શૅર કરવા પણ તૈયાર નથી. દીદી મોદીને ઍક્સપાયર થઈ ગયેલી રાજકીય હસ્તી ગણે છે. રાહુલ ગાંધી અને માયાવતી કે શરદ પવાર પણ એમની પોતપોતાની ગણતરીઓ માંડીને મોદીની વિદાય વિશે ભવિષ્યવાણી કરી રહ્યા છે. એ સાચું કે મોદી પાસે રાષ્ટ્રવાદ અને પાકિસ્તાન જેવા મુદ્દાઓ સિવાય રોજગારી કે ખેડૂતોના વિકાસ જેવા કોઈ મુદ્દા નથી. નોટબંધી અને જીઍસટી એમના ગળાનો ગાળિયો બની રહ્યા છે. ત્યારે પુલવામા શહીદોના નામે કે બાલાકોટ ઍરસ્ટ્રાઈકના નામે અથવા રાફેલ જેવા મહાકૌભાંડ સામે બોફોર્સ કે શારદા ચીટફંડ જેવા મુદ્દાઓ ઉછાળીને તેઓ કેટલી બેઠકો અંકે કરી શકશે તે પ્રશ્ન તો ખુદ ગડકરી કે રામમાધવ જેવા ભાજપી નેતાઓને પણ સતાવી રહ્યો છે.

# હાથ કંગનને આરસી શું ને ભણેલા-ગણેલાને સલાહ શું ?



**નવાં કલેવર**
નટવર હેડાઉ

બસની મુસાફરી દરમિયાન બાજુની સીટ પર બેઠેલા એક ભાઈ સાથે આધુનિક જીવન અંગેની વાર્તાની ચર્ચા ચાલી. બદલાતા જમાના સાથે વાર્તાના તત્ત્વ, કથાનક પાત્રોનાં મનોવલણો, રચનારીતિ, રજૂઆતના બદલાતાં માધ્યમોની ચર્ચા આગળ વધતી વધતી છેક ઈન્ટરનેટ સુધી પહોંચી. ઈન્ટરનેટ કમ્પ્યુટર વિગેરેના અનેક ફાયદા ગણાવતાં તે પોતાને વિજેતા અનુભવી રહ્યા હતા. મારે પક્ષે મેં ઈન્ટરનેટના ફાયદા સાથેનું નુકસાન અને તેની ઉપલબ્ધતા અંગે મારા મનમાં જે કંઈ હતું તે મેં તેમને કહ્યું અને સમજાવવાની કોશિષ કરી કે દરેક જગ્યાએ દરેક ચીજ કે સુવિધા મળી રહે એવું બનતું નથી.

આ દરમિયાન તેમણે ઑનલાઈન ટૅક્સી મોબાઈલ બુકિંગ દ્વારા કઈ રીતે મેળવી શકાય અને તેના ફાયદા ગણાવ્યા. તે વાત સાથે હું સંમત હતો. પણ તે બધી જ જગ્યાએ ઉપલબ્ધ ન હોવાથા સ્થાનિક જૂની રીક્ષા જ વધુ ઉપયોગી નીવડે એવો મારો મત હતો. પણ તેમણે તો કોઈ વિરોધી જૂથના નેતાની માફક જોરશોરથી તેનું જ સમર્થન કરતાં મને પેલી કહેવત યાદ આવી. હાથ કંગનને આરસી શું ને ભણેલા-ગણેલાને સલાહ શું ? જેવા મુડમાં તે હતા.

તે દરમિયાન બસ તેના સ્ટેન્ડ પર પહોંચી ચૂકી હતી. તે ઉતરતાં ઉતરતાં મોબાઈલથી ટૅક્સી બુક કરવામાં મશગુલ હતા. કંડક્ટરે ચિડાઈને જલદી નીચે ઉતરવા ઈશારો કર્યો. હું તેમનાથી આગળ નીકળતાં બસના દરવાજા સુધી માંડ પહોંચ્યો હોઈશ ત્યાં અવાજ સંભળાયો.

‘સાહેબ, આવી જાવ...’ તે કોઈ જાણીતો માણસ નહોતો. પણ રીક્ષાવાળો હતો. મેં તેના હાથમાં મારી બેગ પકડાવી દીધી એટલે તેને ઉંચકીને ચાલવા લાગ્યો અને ક્યાં જવાનું છે તે અંગે મને પૂછી આગળ ચાલવા લાગ્યો. તે ખૂબ જ ઉત્સાહપૂર્વક અને સ્ફૂર્તિથી ચાલી રહ્યો હતો.

થોડીવાર પછી મેં રસ્તા પર નજર કરી તો હું રીક્ષામાં બેસીને ઘર તરફ આગળ વધી રહ્યો હતો. જ્યારે પેલા ભાઈ... તેના પર મારી નજર પડી તો એ હજુ મોબાઈલમાં ગુંચવાયેલા હેરાન-પરેશાન હાલતમાં કપાળે પરસેવો લૂછતાં દેખાયા.

રીક્ષા ઉભી રખાવી મેં ઈશારાથી પૂછ્યું તો તેમણે કહ્યું કે ‘મોબાઈલ હેંગ થઈ ગયો છે.’

મેં હસતાં હસતાં તેમની પાછળ આવી રહેલી બીજી રીક્ષા તરફ ઈશારો કર્યો.

**મેં તેના હાથમાં મારી બેગ પકડાવી દીધી એટલે તેને ઉંચકીને ચાલવા લાગ્યો અને ક્યાં જવાનું છે તે અંગે મને પૂછી આગળ ચાલવા લાગ્યો**

# જિદ્દ કરનાર વ્યક્તિએ પોતાની જિદ્દના બદલામાં દંડ જ ભરવો પડતો હોય છે



**આવો જીવીએ શાનદાર**
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

સીતાજીએ શ્રીરામ પાસે સુવર્ણમૃગને જીવંત અથવા મૃત પકડી લાવવા માટે જિદ્દ કરી. શ્રીરામ જાણતા જ હતા કે સીતાજીની એ જીદ ખોટી છે. શ્રીરામ એ પણ જાણતા હતા કે એ સુવર્ણમૃગ વનવાસ દરમ્યાન સીતાજીને કઈ જ કામમાં આવવાનું નથી. એ સુવર્ણમૃગ જીવંત કે મૃત લાવીને સીતાજીના ચરણોમાં ધરી દેવાથી સીતાજીનો કોઈ જ હેતુ પાર પાડવાનો નથી. આમ છતાં શ્રીરામે સીતાજી પ્રત્યેના પોતાના સ્નેહને ખાતર તેમની જિદ્દને વશ થયા અને સુવર્ણમૃગને પકડવા માટે દોડી ગયા.

લક્ષ્મણજીનું પણ એવું જ થયું. લક્ષ્મણજી પોતે જાણતા હતા કે શ્રીરામના અવાજમાં જે આર્તરવ સંભળાયો એ શ્રીરામનો ન હતો. આમ છતાં સીતાજી પ્રત્યેના પોતના સન્માન અને સ્નેહને ખાતર લક્ષ્મણજી પણ સીતાજીની જિદ્દને વશ થઈ ગયા અને સીતાજીને એકલા છોડીને શ્રીરામને બચાવવા માટે વનમાં દોડી ગયા. આમ શ્રીરામ અને લક્ષ્મણજી બંને બંધુઓ સીતાજીની જિદ્દને શરણે થઈ ગયા અને તેનું પરિણામ સીતાજી સહિત બંને બંધુઓએ ભોગવવું પડ્યું.

મનોજ કુમારના પત્નિ શશી ગોસ્વામી જાણતા જ હતા કે પોતાના પતિ ગમ ભૂલવા માટે શરાબના રવાડે ચડી ગયા હતા. મનોજકુમારની એ આદત છોડાવવા માટે શશીજીએ પોતે પણ શરાબ પીવાની જિદ્દ કરી. મનોજ કુમાર શશીજી જિદ્દને વશ ના થયા અને પીવાનું ચાલુ રાખ્યું અને પરિણામ બંનેને ભોગવવું પડ્યું.

આ બંને ઉદાહરણો ને આધારે એવું કહી શકાય કે આપણે આપના સ્નેહીજનની કોઈપણ પ્રકારની જિદ્દને જો વશ થઈ જઈએ તો ક્યારેક બંનેએ માઠા પરિણામો ભોગવવા પડે છે અને ક્યારેક જિદ્દને વશ ના થઈએ તો પણ માઠા પરિણામો ભોગવવા પડતાં હોય છે.

તો પછી આપણાં મનમાં એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે જ થાય કે આપણાં સ્નેહીજનની જિદ્દને વશ થવું કે ના થવું? જિદ્દ કરતી વ્યક્તિને સપમુર્ણ રીતે ટાળવી કે પછી બધા જ પ્રકારની જિદ્દને શરણે થઈ જવું?

કોઈપણ વ્યક્તિની જિદ્દને વશ થવાના કોઈ જ પ્રકારના કાયમી નિયમો ઘડી શકીએ નહીં અને એ શક્ય પણ નથી. એ તો સમય, સંજોગો અને પરિસ્થિતી ઉપર આધારિત હોય છે કે કઈ જિદ્દને વશ થવું અને કઈ જિદ્દને વશ ના થવું અને કઈ જિદ્દને કેટલી હદ સુધી વશ થવું.

જિદ્દ કરનાર વ્યક્તિનો જિદ્દ કરવા પાછળનો હેતુ શું છે એ ખૂબ જ મહત્વનુ છે. કોઈપણ હેતુ વગરની જિદ્દને વશ થવાથી સમય, શક્તિ અને નાણાંનો વ્યય થતો હોય છે અને બંને પક્ષમાથી કોઈને કશો જ લાભ થતો નથી.

કોઈ ખાસ હેતુ સાથે, બંને પક્ષના હિત માટે અથવા તો કોઈ એક પક્ષના હિત માટે જો વ્યક્તિ જિદ્દ કરતી હોય તો કદાચ એ જિદ્દને વશ થવાથી, એ જિદ્દ પૂરી કરવાથી ફાયદો થઈ શકે છે.

ક્યારેક જિદ્દ સાચી હોય, હેતુપૂર્વકની હોય પણ ખોટા સમયે હોય તો પણ એ જિદ્દ અર્થ વગરની અને પરેશાની ઊભી કરનારી બની જતી હોય છે. કસમયની જિદ્દ ક્યારેક વધારે કષ્ટદાયક બનતી હોય છે. જિદ્દ કરનાર વ્યક્તિ પોતાના જે સ્નેહી પાસે જિદ્દ કરે છે તે સ્નેહી જિદ્દ પૂરી કરવા માટે સક્ષમ ન હોય તો પણ એ જિદ્દ અર્થ વગરની બની જઈ હોય છે. પોતાનું સામર્થ્ય ના હોય તો જિદ્દને શરણે થવાથી વ્યક્તિ પોતે પણ મુશ્કેલીમાં મુકાઈ જતી હોય છે.

ઘણીવાર વ્યક્તિ પોતાનો અહં, પોતાનું સામર્થ્ય સાબિત કરવા માટે પણ સ્નેહીની જિદ્દ પૂરી કરવાની જિદ્દ કરતી હોય છે જેને કારણે અંતે તો તેને પોતાને જ પરેશાની ભોગવવી પડતી હોય છે.

જિદ્દ કરવી કે ના કરવી, કોની સાથે જિદ્દ કરવી, જિદ્દ ક્યારે કરવી, તેના માટે વિવેકભાન જરૂરી છે એમ સ્નેહીની જિદ્દ પૂરી કરવી કે ના કરવી, કેટલી હદ સુધી પૂરી તેના માટે પણ એટલું જ વિવેકભાન, કદાચ તેનાથી પણ વધારે વિવેકભાન જરૂરી છે.

મનોજકુમાર-શશિ ગોસ્વામીના કિસ્સામાં બંને વ્યક્તિ જિદ્દે ચડી હતી અને કદાચ બંને વ્યક્તિ એવું માનતી હશે કે પોતાની જિદ્દમા પોતાની જ જીત થઈ છે. વાસ્તવમાં આવું જ બનતું હોય છે. જ્યારે સંબંધિત બંને વ્યક્તિ જિદ્દે ચડે છે ત્યારે જીત તો બંને વ્યક્તિની થતી હોય છે, હાર થતી હોય છે માત્ર સંબંધોની. બે વ્યક્તિઓની જિદ્દ વચ્ચે ગળું ઘૂંટાઈ જતું હોય છે પ્રેમનું અને શ્વાસ ઘૂંટાઈ જતો હોય છે સ્નેહનો અને વિકાસ રુંધાઈ જતો હોય છે બંને વ્યક્તિઓનો. સંબંધો તહસ-નહસ થઈ જતાં હોય છે. બે વ્યક્તિ વચ્ચેની જિદ્દમાં એ બે વ્યક્તિ જ નહીં પણ ક્યારેક તેની આસપાસના સંબંધીઓ પણ જાણ્યે અજાણ્યે ભોગ બની જતાં હોય છે. જિદ્દ કરનાર વ્યક્તિ કદાચ એવું માનતી હોય છે કે પોતાની જિદ્દ પૂરી થશે તો તેને જે કંઈ મળશે એ જિદ્દ કરવાના બદલા રૂપે પુરષ્કાર હશે. જિદ્દ કરનારની એ માન્યતા ખોટી હોય છે. જિદ્દના બદલામાં વ્યક્તિને જે કંઈ મળે છે એ પુરષ્કાર નહીં પણ લાંબા ગાળે એ વ્યક્તિને દંડ જ ભરવો પડતો હોય છે. એ દંડ માનસિક પરિતાપ રૂપે હોય શકે, એ દંડ વણસી ગયેલા સંબંધો રૂપે પણ હોય શકે.

આપણે સૌ આત્મમંથન કરીએ, આત્મવિશ્લેષણ કરીએ, આપણે પોતે તો વારંવાર જિદ્દ કરવાની મનોવૃતિનો ભોગ નથી બની ગયા ને ?

## હસતે હસતે કટ જાયે રસ્તે

ફોરેનિયર : હેય, વોટ ઈઝ લંગરિયા ?

દેશી : અંઅઅઅ... ઓકે લિસન. ફર્સ્ટ વી ટેક પીસ ઓફ નળિયા. યુ નો નળિયા ? ઈટ્સ યુઝ ઈન અવર દેશી લોકલ મકાન્સ. ઈફ ડોન્ટ હેવ નળિયા ધેન ગુડ ઢેખાળા ઓલ્સો ફાઈન. ધેન વી આર વિટીંગ દોરી ઓન ઈટ, માંજા યુ નો... ધેન ઈટ્સ લડાવિંગ વિથ ઈસ-અધર્સ લંગરિયા વિથ એ દેશી ગલી વોર સ્લોગન... આઈ જાવ પાઈ જાવ... લંગરિયા લડાઈ જાવ.

●

લલ્લુની પત્ની બોલી, તમે મારી સાથે એવો વ્યવહાર કરો, જેવો લગન પહેલાં કરતા હતા.

લલ્લુએ પત્નીને કારમાં બેસાડી, બધે ફેરવી, નાસ્તાપાણી કરાવ્યાં ને છેલ્લે સસરાને ત્યાં મૂકી આવ્યો.

●

પુસ્તક અને પત્ની વચ્ચે ખૂબ તફાવત છે.

પહેલો તફાવત એ છે કે પુસ્તક બોલતું નથી અને પત્ની મૂંગી રહેતી નથી. બીજો તફાવત એ છે કે પુસ્તક બજારમાં અડધી કિંમતે મળે છે જ્યારે પત્ની માટે તો પૂરી રકમનો ખર્ચ લગ્ન સમયે કરવો પડે છે. પુસ્તક એકવાર આપણું થઈ ગયા પછી ખર્ચ કરાવતું નથી, જ્યારે પત્ની આપણને મળી ગયા પછી ખર્ચ અટકતો જ નથી.

●

એક પરિવારની નવીનવેલી વહુ સવારે પાંચ વાગે ઉઠી ગઈ.

સાસુ : દીકરા, બહુ વહેલા ઉઠી ઘઈ ! અત્યારે તો પાંચ જ વાગ્યા છે. વહુ : અરે ના સાસુમા, ઉઠતી નથી, બસ વ્હોટ્સઍપ પર સ્ટેટસ મેરિડ કરવું છે અને ડીપી બદલવી છે. બધાને ગૂડ મોર્નિંગનો મેસેજ મોકલવો છે, પછી સૂઈ જઈશ. તમે જ્યારે ચા બનાવો ત્યારે મારી પણ સાથે બનાવજો.

●

પેકેજ ટુરમાં હનીમુન કપલ અને સિનિયર સિટિઝનને સાથે એક જબસમાં બેસાડવામાં આવ્યાં. ત્યાં ગાઈડે જાહેરાત કરી, હાથમાં મહેંદી હોય તેવા કપલ પાછળ બેસો અને માથામાં મહેંદી હોય તેવા કપલ આગળ બેસો.

- સંકલન : તરંગ હાથી

# જળ એ જ જીવન પરંતુ જળપ્રાપ્તિ અને સંગ્રહ ઉપેક્ષિત !



**જીવન ઉપવન**
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પ્રત્યેક દિવસ ભારે અજંપાવાળો સાબિત થઈ રહ્યો છે. હાલમાં ઉનાળો ચાલુ છે અને તાપમાન સતત વધતું જાય છે. વૃધ્ધો, બાળકો, બીમાર લોકો પરેશાન છે. હજી બે માસ જેવો સમય ઉનાળાનો વિતાવવાનો બાકી છે. ત્યાં ગુજરાતના બધા જ ડેમો તળિયાઝાટક થઈ ગયાના સમાચાર જાણવા મળે છે. તોદિલમાં કંપન આવી જાય છે. સૂર્યનો પ્રકોપ પ્રતિવર્ષ વધતો જાય છે, જેની સામે બધા લાચાર છે. વૈશ્વિકિ પર્યાવરણ પ્રતિદિન વિકૃત થતું રહ્યું છે પરંતુ સુધારણા થતી નતી. રોટી, કપડાં અને મકાન જીવનની પ્રાથમિક જરૂરિયાતો છે તો જળ એ જીવન છે અને તેની અગ્રતા સૌથી ટોચે હોય છે. છતાં આ પ્રશ્ન ઉપર કોઈ ચિંતન કે નક્કર કાર્યવાહી થઈ હશે તેવું કહી શકાય તેમ નથી. કારણ કે આઝાદીના સાત દાયકા જેવો સમય ગયો પણ આપણે હજી ત્યાં ને ત્યાં જ રહ્યા છીએ. ચૂંટણીઓની મોસમ ચાલે છે. પ્રવચનો, આક્ષેપો, વાયદા વગેરે યથાવત ચાલી રહ્યા છે. પરંતુ પ્રાણપ્રશ્નો ઉપર કોઈ જ પ્રકારે જાહેરમાં ચર્ચા થતી જ નથી. મુદ્દા આધારિત વાત કરવામાં જાણે કે કોઈને રસ જ નથી પણ વાસ્તવિકતા કડવી ઝેર જેવી નકારી શકાય તેમ નથી. સમાજ આખો સારું ઈચ્છે છે, વિકાસ ઝંખે છે અને આ મુદ્દાની ચર્ચા થાય તો રાજકીય નજરે મૂલવણી શરૂ થઈ જાય છે. ટીવી ઉપરની ડિબેટમાં તો ભારે ગરમી ઊભી થઈ જાય છે. આરે ભાઈ, મીડિયામાં વાતો કરવી, નિવેદનો કરવાં એ કોઈ ઉપલબ્ધિ નથી કે કોઈ સફળતા નથી. ભારત દેશમાં ચોમાસું અતિ અનિયમિતથઈ ગયું છે. પ્રિ-મોનસૂન સાઈક્લોન ગમે ત્યારે ઊભા થઈ જાય અને મૂળ ચોમાસું જે આવવાનું હોય તેની તાકાત ઘટી જાય છે. વાતાવરણમાં ઊર્જા સતત વધતી જ જાય છે. જમીનો સૂકીભઠ્ઠ થઈ ગઈ છે.

ગુજરાતમાં પીવાપાયક પાણીની તથા કૃષિ માટેના જળની ગંભીર સમસ્યા હાલમાં ઊભી થઈ છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીએ ખાસ મિટીંગ બોલાવી અને બધાંને આ બાબતે કામે લાગી જવા હાકલ કરી છે. પાણીનો મુખ્ય આધાર હજી ચોમાસું જ છે. દરેક ગામડે જળ સંગ્રહનું આયોજન અમલમાં લાવી શકાયું નથી. બીજું, જમીનની અંદર જળસ્તર ખૂબ નીચે જઈ રહ્યું છે. ત્રીજું, ડેમોને ઊંડા ઉતારવાની નેમ ક્યાં જાય છે ? નર્મદાનાં નીરની વાતો કરી છલકાતા માણસોનો પાર નથી અને તેઓના પરિવારને માઈલો દૂરથી પીવાનું પાણી લાવવું પડે છે. કચ્છ અને સૌરાષ્ટ્રમાં પશુોને જીવંત કેમ રાખવાં તે પણ ચિંતાનો વિષય છે. ચોથું, પરિવારો પોતાનાં ઘરને તાળાં મારી ઢોરઢાંખરને લઈ હિજરત કરી ગયા છે. જેની આંખમાં નજર મિલાવો તો દર્દની કથા વાંચી શકાય છે. વૉટર પૉલિસી વિસ્તૃતમાં કયારે બનાશે ? ઈલૅક્શનના મૅનિફૅસ્ટોમાં તો આવી વાતો બહુ સ્થાન પામતી નથી. ધરતી ઉપર ચાંદ સિતારા લાવી આપવાની વાતોમાં જ બધાનો કહેવામાં અનો સાંભળવામાં રસ હોય છે. એટલે પ્રજાને હવે ફરિયાદ કરવાનો પણ મજબૂત હક્ક નથી. ભૂગર્ભ જળ સ્રોત માટે તળાવો, નદીઓ, ડેમો ખૂબ મહત્ત્વનાં છે. પરંતુ ચોમાસા પહેલાં આ બધાં માટે કામ શરૂ થાય છે અને નક્કર લાભનું માપ કાઢવા જઈએ ત્યાં જુલાઈથી વરસાદનું આગમન થઈ જાય છે. ખેત તલાવડીઓ, ચૅક ડૅમો ઘણા થાય છે પણ જોવા મળે જે ભાગ્યશાળી હોય તોને. આ બધું જાણે નસીબને આધીન હોય. જળ પ્રબંધનમાં કચાશ છે. આજથી પચાસ વર્ષ પહેલાં ક્રાંકચ ગામ (જિ. અમરેલી) જ્યાં આજે મિનિ ગીર થઈ ગયું છે તે ગામમાં પીવાના પાણી માટે મઠનો કૂવો એકમાત્ર સ્રોત હતો. આખા ગામનું પાણી પૂરું આ કૂવામાંથી મળતું. ત્યાં દિવસ-રાત મહિલાઓ બેડાં લઈને સીંચીને પાણી મેળવતી. નળમાં ઘેર-ઘેર પાણી મળે તેવું વિચારવાનું પણ સ્વપ્ન આવતું નહીં, આજે એ ગામની ભાગોળે શેત્રુંજી નદી સૂકી પડી છે.

વરૂણ દેવની કૃપા વિશ્વના સજીવો માટે ઘટી નથી પણ માનવ આયોજનમાં વિલંબ, પ્રમાદ, કાર્યનિષ્ઠા, કરૂણાની પીડા જરૂર નજરે પડે છે. ઉનાળો શરૂ થાય પછી આપણે જળ વિશે ઉપાધિ કરીએ છીએ. અર્થાત આગ લાગે પછી કૂવો ખોદવાનું શરૂ કરવામાં આવે છે. માટે પીડા લાગે છે. સમગ્ર ગુજરાતની નદીઓ બારમાસી રહી નથી અને જ્યાં જળ સંગ્રહ થાય છે ત્યાં પ્રદૂષણ બેફામ છે. નદીઓ પણ ખૂબ પ્રદૂષણથી ભરેલી હોય છે. કેમ કે કેમિકલયુક્ત જળ તોમાં છોડવામાં આવે છે. જળ પ્રબંધન ખૂબ જટિલ વિષય છે, તેમાં સરકારે અગ્રતાક્રમ નક્કી કરવા પડે. પીવા માટે, કૃષિ માટે, ઉદ્યોગો માટે વગેરે... જેથી એ મુજબ જળ ચોક્કસ મળી શકે. યોજનાઓનો પાર નથી પણ તેનો અર્થ કે મર્મ કોઈ પામી શક્યું નથી. જ્યાં કેનાલ દ્વારા કે નદીના માર્ગે જળ પસાર થઈ રહ્યું હોય ત્યાં જળચોરી થતી હોય તેને કડકાઈપૂર્વક રોકવી જ પડે. કારણ કે જળ બધાં જીવો માટે જીવ છે. જળના વ્યાપારીકરણને કાયદાથી નિયંત્રિત કરી શુદ્ધતા માટે અમલીકરણ ગોઠવવું તો આપણી લોકશાહી ફળદાયી ગણાય. દરેક ક્ષેત્રમાં સમય જતાં સ્થાપિત હિતો ગોઠવાઈ ગયા હોય છે એ પણ યાદ રાખવું પડે તેમ છે. વિશ્વના કુલ જળસંગ્રહનો માત્ર એક ટકા જેટલું પાણી જ પીવાલાયક છે. દરિયાના પાણીનો પ્રોસેસ કરી પેયજળ બનાવવાના પ્રોજેક્ટને ઝડપથી અમલી કરવા આવશ્યક છે. દરિયાઈ પટ્ટી ઉપરના વિસ્તારો માટે આ એક વિકલ્પ છે. જળ વ્યય રોકવા જન આંદોલન શરૂ કરવાં જરૂરી છે. પાણી વેડફાટ માટે કાનૂનની મદદથી અનુશાસન ઊભું થવું હવે ખૂબ જરૂરી લાગે છે.

જળ શ્રીકૃષ્ણ.

**: શેર આસ્વાદ :**

**આદત ઉનકી કુછ ઈસ તરહ હો ગઈ**
**ઉનકી બેરૂખી સે ભી મહોબ્બત હો ગઈ**